NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટસ ક્લબ (સૂચિત)
## નવસારી કૃષિ યુનિવર્સિટી
## નવસારી-૩૯૬ ૪૫૦

તા. ૧૧/૧૨/૨૦૧૯

# પરીપત્ર

સહર્ષ જણાવવાનું કે નવસારી કૃષિ યુનિવર્સિટીના કર્મચારી/અધિકારીઓની કાર્યક્ષમતા અને ક્રિયાશીલતા વધે તે હેતુસર એન.એ.યુ. સ્ટાફ સ્પોર્ટસ કલબ (સુચિત), ન.કૃ.યુ.,ના નેજા હેઠળ તેમજ પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, ન.કૃ.યુ., નવસારીના યજમાનપદે સ્ટાફ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૧૯નું આયોજન આગામી **તા. ૨૫ થી ૨૮ ડીસેમ્બર ૨૦૧૯** દરમ્યાન કરેલ છે. જેમાં નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબયુનિટ (મહાવિદ્યાલયો તેમજ સંશોધન કેન્દ્રો)ને ભાગ લેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

ભાગ લેનાર દરેક યુનિટ ટીમના સભ્યોની યાદી આ સાથે સામેલ પત્રક–૧ મુજબ ટીમની જરૂરી વિગતો ભરી યુનિટ હેડના સહી સિકકા સાથેની હાર્ડ કોપી નીચે મુજબના સરનામે અથવા સોફ્ટ કોપી નીચે મુજબના ઈમેલ આઈ.ડી. પર તા.૨૩/૧૨/૧૯ (સોમવાર), સાંજે ૧૭.૦૦ કલાક સુધીમાં અચુક મોકલી આપવા વિનંતી છે. આપેલ સમય પછીથી આવેલ ટીમોનો સદર ટુર્નામેન્ટમાં સમાવેશ કરવામાં આવશે નહી.

વધુમાં આ સાથે સામેલ શરતોનું તમામ ટીમોએ પાલન કરવાનું રહેશે.

**સામેલ :** પત્રક ૧, ટુર્નામેન્ટના નિયમો તથા ટુર્નામેન્ટની રૂપરેખા

મંત્રી
એન. એ. યુ. સ્ટાફ સ્પોર્ટસ કલબ (સુચિત),
ન.કુ.યુ., નવસારી

**સંપર્ક:** ડો. વિનય કે. પરમાર, મંત્રી, એન. એ. યુ. સ્ટાફ સ્પોર્ટસ કલબ (સુચિત), ન.કુ.યુ.,
ફળ વિજ્ઞાન વિભાગ, અસ્પી બાગાયત–વ–વનીય મહાવિદ્યાલય, ન.કુ.યુ., નવસારી
મો. ૯૪૨૮૬૦૩૯૦૦, ઈમેલ: vkparmar@nau.in

# પત્રક-૧

પ્રતિ,

પ્રમુખ/મંત્રીશ્રી,

નવસારી કૃષિ યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ક્લબ (સૂચિત)

નવસારી કૃષિ યુનિવર્સિટી,

નવસારી

સહર્ષ જણાવવાનું કે નવસારી કૃષિ યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ક્લબ (સૂચિત) દ્વારા આયોજીત ટુર્નામેન્ટમાં અમારી ટીમને પ્રવેશ આપવા વિનંતી છે. નીચેની વિગતે ખેલાડીઓ હાજર રહેશે.

| **ભાગ લેનાર યુનિટનું નામઃ** | | | |
|---|---|---|---|
| **કેપ્ટનનું નામ :-** | | **મોબાઈલ નં.** | |
| **વાઈસ કેપ્ટનનું નામ :** | | **મોબાઈલ નં.** | |
| ક્રમ | ખેલાડી/કર્મચારીનું નામ | હોદ્દો | કાયમી/કરારી |
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |
| ૬ | | | |
| ૭ | | | |
| ૮ | | | |
| ૯ | | | |
| ૧૦ | | | |
| ૧૧ | | | |
| ૧૨ | | | |
| ૧૩ | | | |
| ૧૪ | | | |
| ૧૫ | | | |

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપર દર્શાવેલ અધિકારી/કર્મચારીઓ યુનિવર્સિટીના કાયમી તેમજ કરારી કર્મચારીઓ છે. આ ટુર્નામેન્ટના નિયમો અમોને બંધનકર્તા રહેશે.

**કેપ્ટનની સહી** **યુનિટ અધિકારીની સહી અને સિકકો**

## ક્રિકેટ ટુર્નામેન્ટના નિયમો

૧. ભાગ લેનાર દરેક યુનિટ ખેલાડીઓની આવવા-જવાની વ્યવસ્થા સ્વ-ખર્ચે કરવાની રહેશે.

૨. દરેક યુનિટમાંથી ૧૫ ખેલાડીઓ (કાયમી અને હંગામી કર્મચારીઓ) ભાગ લઈ શકશે. જેમાં **પ્લેયીગ ઈલેવનમાં કાયમી કર્મચારીઓ ઓછામાં ઓછા સાત (૦૭) હોવા જોઈએ.** તેમજ હંગામી(આઉટ સોર્સિંગ, કોન્ટ્રાક્ટ) કર્મચારીઓ ઓછામાં ઓછા છ (૦૬) માસથી જે તે યુનિટે સાથે સંકળાયેલા હોવા જોઈએ.

૩. ટુર્નામેન્ટ નોક આઉટ પધ્ધ્તી મુજબ રમાડવામાં આવશે. દરેક મેચો , ક્વાર્ટર ફાઇનલ તેમજ સેમીફાઈનલ મેચો મર્યાદિત ૧૨ ઓવરની તથા ફાઇનલ મેચ ૧૬ ઓવરની રહેશે. વધુ ટીમોની એન્ટ્રી આવે તો સમયની મર્યાદા અને સંજોગોને ધ્યાને રાખી મર્યાદિત ઓવરમાં ફેરફાર કરવાનો હક આયોજકશ્રીનો રહેશે.

**૪. દરેક ટીમે એન્ટ્રી ફી પેટે રૂ . ૧૧૦૦/- આયોજકશ્રીને તા. ૨૪/૧૨/૨૦૧૯ સુધીમાં અથવા પ્રથમ મેચ પહેલા સ્થળ પર રૂબરૂ જમા કરાવવાના રહેશે. સદર એન્ટ્રી ફી ખેલાડીઓએ સ્વખર્ચે ભોગવવાનો રહેશે. જેનો ખર્ચ કચેરીમાં પાડી શકાશે નહી. એન્ટ્રી ફી જમા નહી કરનાર ટીમ ટુર્નામેન્ટમાં ભાગ લઈ શકશે નહી.**

૫ . સમગ્ર ટુર્નામેન્ટ NIVIA (HEAVY WEIGHT) બોલથી રમાડવામાં આવશે.

૬ . જે મેચો ૧૨ ઓવરની હશે તે મેચોમાં એક બોલર વધુમાં વધુ ૩ (ત્રણ) ઓવર નાંખી શકશે. જે મેચો ૧૬ ઓવરની હશે તે મેચોમાં એક બોલર વધુમાં વધુ ૪ (ચાર) ઓવર નાંખી શકશે.

૭ . મેચ ડ્રો અથવા ટાઈ થશે તો

સુપર ઓવર રમાડવામાં આવશે તેમાં જે ટીમના રન વધુ હશે તેને વિજેતા જાહેર કરવામાં આવશે. ફક્ત સુપર ઓવરમાં વિકેટ પાડવાનો કોઈ નિયમ લાગુ પડશે નહીં.

- જો સુપર ઓવરમાં રન સરખા થશે, તો મેચ દરમ્યાન (૧૨ ઓવર કે ૧૬ ઓવર) જે ટીમની વિકેટ ઓછી હશે તેને વિજેતા જાહેર કરવામાં આવશે.
- જો સુપર ઓવરના રન અને મેચ દરમ્યાનની (૧૨ ઓવર કે ૧૬ ઓવર) વિકેટ સરખી હશે તો ટોસ ઉછાળીને વિજેતા નક્કી કરવામાં આવશે.

૮. થ્રો એક્સન બોલીંગ માન્ય રહેશે નહી, મેચ દરમ્યાન આ અંગેના વિવાદમાં કે અન્ય કોઈ વિવાદમાં અમ્પાયરનો નિર્ણય આખરી રહેશે જે દરેકને બંધનકર્તા રહેશે.

૯ . મેચ દરમ્યાન નો-બોલ, વાઈડ બોલ, અને બાય/લેગ બાયના રન ગણવાના રહેશે, પરંતુ નો બોલમાં ફ્રી-હીટ આપવામાં આવશે નહી.

૧૦. મેચ દરમ્યાન એલ.બી.ડબલ્યુ.નો નિયમ રાખવામાં આવેલ નથી.

૧૧ . ટુર્નામેન્ટ દરમ્યાન ભાગ લેનાર દરેક ટીમે એક સરખા ડ્રેસ કોડ પહેરવાના રહેશે તેમજ સ્પોર્ટ્સ શૂઝ (મેટલ સ્પાઇક્સ શૂઝ પહેરી શકાશે નહી) પણ ફરજીયાત પહેરવાના રહેશે.

૧૨. દરેક ઈનિંગ માટે નવો બોલ ઉપયોગમાં લેવામાં આવશે, ચાલુ મેચ દરમ્યાન બોલ ફાટી જાય કે ખોવાઈ જાય તો તેના બદલે બીજો બોલ આપવામાં આવશે.

૧૩. દરેક ટીમને મેચ માટે આપવામાં આવેલ સીડ્યુલના ત્રીસ મિનીટ પહેલા મેદાન ઉપર હાજર રહેવાનુ રહેશે. દરેક મેચમાં રમનાર ૧૧+૧ ખેલાડીઓ સહિત ૧૨ ખેલાડીના નામની યાદી આપવાની રહેશે.

૧૪. મેચના સમયે ટીમ સ્થળ ઉપર હાજર રહેશે નહીં તો મેચના સમય થી ૧૫ મિનીટ બાદ ટીમને ગેરહાજર ગણી સામેની ટીમને વિજેતા જાહેર કરવામાં આવશે.

૧૫. બેસ્ટમેન તથા વિકેટ કીપર કોઈ પણ પ્રકારના ગ્લોઝ (હાથમાં પહેરવાના મોજા) પહેરી શકશે નહી.

૧૬. સમય તેમજ સંજોગોવશાત તારીખ તેમજ મેચના સમયમાં ફેરફાર કરવાનો અધિકાર ફક્ત આયોજકશ્રીનો રહશે. જે દરેક ટીમે માન્ય રાખવાનો રહશે.

મંત્રી

એન. એ. યુ. સ્ટાફ સ્પોર્ટસ કલબ (સુચિત),

ન.કૃ.યુ., નવસારી

# ટુર્નામેન્ટની રૂપરેખા

| ક્રમ | વિગત | તારીખ | સમય |
|---|---|---|---|
| ૧ | ટુર્નામેન્ટ જાહેરાતની તારીખ | ૧૧/૧૨/૨૦૧૯ | - |
| ૨ | ટીમ અને ખેલાડીઓની યાદી મોકલવાની છેલ્લી તારીખ | ૨૩/૧૨/૨૦૧૯ | ૧૭.00 કલાકે |
| ૩ | લોટસ પાડવાની તારીખ અને સમય | ૨૪/૧૨/૨૦૧૯ | ૧૧.00 કલાકે<br>સ્થળ :<br>નિયામક, વિદ્યાર્થી કલ્યાણની કચેરી<br>ન.કૃ.યુ., નવસારી |
| ૪ | ટુર્નામેન્ટનો ઉદ્દઘાટન કાર્યક્રમ | ૨૫/૧૨/૨૦૧૯ | સવારના ૮.30 કલાકે<br>સ્થળ : જીમખાના ગ્રાઉન્ડ,<br>ન.કૃ.યુ., નવસારી |
| ૫ | ટુર્નામેન્ટની નોક આઉટ મેચો રમાડવાની તારીખ | ૨૫/૧૨/૨૦૧૯<br>અને<br>૨૬/૧૨/૨૦૧૯ | ૮.00 થી ૧૭.30 સુધી<br>સ્થળ : જીમખાના ગ્રાઉન્ડ,<br>ન.કૃ.યુ., નવસારી |
| ૬ | ટુર્નામેન્ટની કવાર્ટર, સેમી, ફાઈનલ મેચો રમાડવાની તારીખ | ૨૭/૧૨/૨૦૧૯<br>અને<br>૨૮/૧૨/૨૦૧૯ | ૮.00 થી સાંજના ૧૭.30 સુધી<br>સ્થળ : જીમખાના ગ્રાઉન્ડ,<br>ન.કૃ.યુ., નવસારી |
| ૭ | ટુર્નામેન્ટનો ઇનામ વિતરણ કાર્યક્રમ | ૨૮/૧૨/૨૦૧૯ | ફાઈનલ મેચ પત્યા પછી<br>સ્થળ : જીમખાના ગ્રાઉન્ડ,<br>ન.કૃ.યુ., નવસારી |

**નોધ : ૧.અનાવશ્યક સંજોગોને આધીન સદર કાર્યક્રમના સમય અને તારીખમાં ફેરફાર આયોજકશ્રી કરી શકશે.**
**૨. લોટસ પાડવાની તારીખે દરેક ટીમના કેપ્ટનશ્રીઓએ હાજર રહેવા વિનંતી .**

**મંત્રી**
**એન. એ. યુ. સ્ટાફ સ્પોર્ટસ કલબ (સુંચિત),**
**ન.કૃ.યુ.**